એજ કન્સર્ન સ્ક્રિપ્ટ – મુસદ્દો 1

## એજ કન્સર્ન વિશે વધુ જાણો

એજ કન્સર્ન ખાતે અમે વૃદ્ધ લોકો માટે સહાય અને તકો પૂરી પાડીએ છીએ. 60 વર્ષથી વધુ ઉંમરનાં લોકો માટે જીવનની ગુણવત્તા સુધારવા 1976થી અમે કાર્ડિફ અને વેલ ઑફ ગ્લેમર્ગનમાં કામ કર્યું છે.

અમે જે સેવાઓ પૂરી પાડીએ છીએ તે અમારી સહાયની જરૂર ધરાવતા લોકો માટે ઘણું કરે છે. અમે :

સેવાઓ અને સહાય આપીએ છીએ
સાર્વજનિક શિક્ષણ અને વકીલાત સેવા પૂરી પાડીએ છીએ
નવીનતા અને સંશોધનનો વિકાસ કરીએ છીએ
અમારા વિસ્તારમાં જાહેર સંસ્થાઓ અને અન્ય સ્વયંસેવી સંગઠનો સાથે ભાગીદારી અને સહકારને પ્રોત્સાહન આપીએ છીએ.

## એજીંગ વેલ પ્રોગ્રામ – સ્વસ્થ, સમૃદ્ધ અને સમજદારીભર્યું

જૉય, ડેવિડ અને રિચર્ડ ઘરડાં થવાની સાથે સાથે ચુસ્ત અને તંદુરસ્ત રહેવા માંગે છે ...
અમારો એજીંગ વૅલ કાર્યક્રમ 50 વર્ષથી વધુ ઉંમરનાં લોકો માટે બહેતર સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે. સેવાનાં ભાગરૂપે અમે સમુદાયમાં એવા પ્રસંગોનું આયોજન કરીએ છીએ જેમાં સ્વાસ્થ્ય સંબંધિત મુદ્દાઓ અને તાઈ ચી, લાઈન ડાન્સિંગ અને આઈટી પ્રવૃત્તિઓ જેવી વિવિધ પ્રવૃત્તિઓ અંગે લોકોને માહિતી મેળવવાની પરવાનગી મળે છે. વ્હિસ્ટ ડ્રાઈવ્ઝ, રસોઈનાં વર્ગો, દિવસની મુસાફરીઓ, કાગળ શણગારની કળા, ભરતગૂંથણ, કળા અને સોયકામ જેવી મનોરંજક પ્રવૃત્તિઓ પણ ઉપલબ્ધ છે – અને ખોરાક, ફિટનેસ, સ્થાનિક ઈતિહાસ, સમુદાય સલામતી, સ્વાસ્થ્યનાં મુદ્દાઓ અને સ્થાનિક લોકશાહી અંગેની અમારી શૈક્ષણિક વાતોમાંથી હંમેશાં કંઈક નવું શીખવાની તક રહેલી હોય છે. આ પ્રસંગો ઈલી અને લેનરમનીમાં “હેલ્ધી, વેલ્ધી ઍન્ડ વાઈઝ” અને બેરીમાં પણ અમારી “સિનિયર હેલ્થ શૉપ”માં યોજાય છે જે વેલ્સમાં સ્થાપવામાં આવેલો એજીંગ વેલનો પ્રથમ પ્રોજેક્ટ હતો.
શારીરિક પ્રવૃત્તિઓ એ ઍક્સટેન્ડ વર્ગો, ટી ડાન્સ, કીપ ફીટ, તરવું, યોગ અને ચાલવાની ક્રિયા સાથેનાં કાર્ય ક્રમનો પણ એક મુખ્ય હિસ્સો છે. એજીંગ વૅલ કાર્યક્રમ એ જૉય, ડેવિડ અને રિચર્ડ જેવા લોકો માટે આદર્શ છે જેઓ સામાજિક રીતે સક્રિય જીવનશૈલી રાખીને પોતાની ફિટનેસનું સ્તર જાળવવા માંગે છે.

## એજીંગ વેલ પ્રોગ્રામ – સલાહકાર સેવા

એનને એકલતા અને એકલવાયાપણું લાગે છે અને પોતાને કઈ સમસ્યા પરેશાન કરી રહી છે તે વિશે એકાંતમાં વાત કરવાની તક ઈચ્છે છે ... એજીંગ વૅલ કાર્યક્રમ લાગણીઓ સંબંધી સુખાકારી પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે અને કાર્ડિફમાં અમે 50 વર્ષ અને તેથી વધુ ઉંમરનાં એવા લોકો માટે સલાહ સેવા પૂરી પાડીએ છીએ કે જેઓ લાગણી સંબંધી એવી સમસ્યાઓનો અનુભવ કરી રહ્યા છે જેના વિશે તેમને એકાંતમાં વાતચીત કરવાની જરૂર જણાઈ રહી હોય. તાલીમ પામેલા સલાહકારો મોટાભાગે સ્વયંસેવીઓ છે જેઓ મુક્તપણે પોતાનો સમય અને અનુભવ આપે છે. સલાહકાર સેવાઓનો સંપર્ક કરવો એ એક સીધીસટ પ્રક્રિયા છે પરંતુ વ્યક્તિનાં ડૉક્ટર, સામાજિક કાર્યકર અથવા સ્વાસ્થ્ય મુલાકાતી દ્વારા પણ ભલામણ કરવામાં આવી શકે છે. તે અંગેનાં સત્રોનું

આયોજન ઘર ખાતે થઈ શકે છે અથવા જો પસંદ પડે તો સલાહકાર રૂમોમાં પણ ગોઠવાઈ શકે છે અને તે સામાન્ય રીતે છ અઠવાડિયાનાં ગાળા માટે અઠવાડિયા દીઠ એક કલાક માટે યોજવામાં આવે છે.

**એંગેજમેન્ટ કાર્યક્રમ**

‘‘એંગેજમેન્ટ પ્રોગ્રામમાં સમાવેશને કારણે ફ્રાંક સ્થાનિક મુદ્દાઓમાં પોતાનો રસ જાળવી રાખી શકે છે અને હવે તે વૃદ્ધ છે તથા (ખાસ કરીને વૃદ્ધ લોકો માટે સેવાઓની જોગવાઈઓ પર) પોતાનાં અભિપ્રાયો સતત વ્યક્ત કરવાની તકને આવકારે છે.
એંગેજમેન્ટ પ્રોગ્રામ ફ્રાંક અને તેમના જેવી રસરુચિ ધરાવતાં અન્ય વૃદ્ધ લોકોને પ્રસંગો અને પરિષદોમાં સામેલ થતાં રહેવા અથવા સામેલ થવાનું શરૂ કરવા માટેની વિવિધ તકો આપે છે.
એંગેજમેન્ટ પ્રોગ્રામ *લાઈફ ટાઈમ્સ* શીર્ષક ધરાવતો એક ત્રિમાસિક સૂચનાપત્ર પણ પ્રકાશિત કરે છે. *લાઈફ ટાઈમ્સમાં* વૃદ્ધ લોકોને રસ પડે તેવા મુદ્દાઓ આવરી લેવામાં આવે છે અને લેખો લખીને, પત્રો મોકલીને અને ભવિષ્યનાં મુદ્દાઓ માટે વિષયો અને લેખો સૂચવીને પોતાના અભિપ્રાયોનું પ્રદાન કરાની તક તેમને પૂરી પાડે છે.
કૉંગ્રેસ અને સૂચનાપત્ર ઉપરાંત આ કાર્યક્રમ તેમાં સામેલ થવાના અન્ય સર્જનાત્મક સાધનો જેમ કે યાદગીરી માટેનો થિએટર પ્રોજેક્ટ અને વાહનવ્યવહાર, સ્વાસ્થ્ય તથા સુખાકારી અને ગૃહનિર્માણ જેવા ચોક્કસ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા ફોકસ સમૂહોની શ્રેણીને પ્રોત્સાહન આપવામાં ઘણો નવીન છે.
એંગેજમેન્ટ પ્રોગ્રામને કારણે ફ્રાંકને પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવાની અને હવે પોતે નિવૃત્ત હોઈ નિર્ણય લેવાની શક્તિ પર અસર પાડવાની તક મળી છે. તેઓ હજીપણ સમાજનાં મૂલ્યવાન સભ્ય હોવાનું અનુભવી રહ્યા છે.

**વ્યાપાર સેવાઓ**

ઑડ્રીને એવો વીમો જોઈએ છે જે ખાસ તેમની જરૂરિયાતો પ્રમાણે બનાવવામાં આવ્યો હોય ... તેમને કોઈ એવી મૈત્રીપૂર્ણ વ્યક્તિ સાથે રૂબરૂમાં વાતચીત કરવાની તક પણ જોઈએ છે જે પોતાની વીમા પૉલિસી વિશેનાં તેમના કોઈપણ સંભવિત પ્રશ્નોનો જવાબ આપી શકે. એજ કન્સર્ન ખાતે અમે 50 વર્ષથી વધુ ઉંમરનાં લોકોને મનમાં રાખીને તેમની ખાસ જરૂરિયાતો મુજબનાં ઉત્પાદનો અને સેવાઓની શ્રેણી વિકસાવી છે. આ સેવાનો ઉપયોગ કરીને ઑડ્રી ઘર, પ્રવાસ અને મોટર વીમો મેળવી શકે છે જે તેમની સ્થિતિ, કાળજીપૂર્વકની ગેસ અને વીજળી યોજના, મદદ માટેનાં કૉલ માટે વ્યક્તિગત ઍલાર્મને ગણત્રીમાં લે છે કે જેનો ઉપયોગ કરીને તેઓ સ્વતંત્ર રહી શકે, મનની શાંતિ આપતા અંતિમવિધિના આયોજનો અને તેઓ અઠવાડિક લૉટરી ટિકીટ પણ ખરીદી શકે છે જે દાન માટે નાણાં ઊભા કરવાનો મનોરંજક માર્ગ છે. સ્વાભાવિક છે કે વ્યાપારી સેવાઓમાંથી મળેલો કોઈપણ નફો એજ કન્સર્ન દ્વારા ચલાવવામાં આવતા અન્ય પ્રોજેક્ટ માટે નાણાં ઊભા કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**વકીલાત સેવા**

વૅલને પોતાના વિચારો સ્થાનિક સામાજિક સેવા વિભાગને જણાવવા માટે સહાયની જરૂર છે.

એજ કન્સર્નની વકીલાત સેવાનો ઉપયોગ કરવાથી એક બાબતની ખાતરી થઈ શકે એમ છે કે વૅલનાં દ્રષ્ટિકોણ એવા લોકોનાં કાને પડશે જેમણે ખરેખર તેને કાને ધરવાની જરૂર છે. 60 વર્ષથી વધુ ઉંમરનાં લોકો પત્રો

લખીને, ફોન કૉલ્સ કરીને, પોતાની ઈચ્છાઓનું પ્રતિનિધિત્વ કરીને અથવા વૅલનાં સામાજિક સેવા વિભાગની જેમ બહારની એજન્સીઓ સાથે વાટાઘાટો કરીને તેમના અધિકારોનો ઉપયોગ કરવા માટે સક્ષમ બનાવવા માટે વકીલાત સેવા ખાસ તાલીમ આપેલા સ્ટાફ અને સ્વયંસેવીઓનો ઉપયોગ કરીને સશક્તિકરણ લાવવા પર ભાર મૂકે છે. આપ આપના પોતાના ઘર, કૅયર હોમ અથવા હૉસ્પિટલમાં રોકાણ દરમિયાન વકીલાત સેવાનો ઉપયોગ કરી શકો છો.

## વૅલફેર રાઈટસ સર્વિસ (કલ્યાણ અધિકાર સેવા)

રોજિંદા જીવનમાં વધતી મોંઘવારી સાથે બિલે પોતાના ઘરે કલ્યાણ અધિકાર સલાહકાર મોકલવા માટે પોતાના વિસ્તારનાં એજ કન્સર્નનો સંપર્ક કર્યો જેથી તેઓ ચકાસી શકે કે પોતાની આર્થિક સ્થિતિ સુધારી શકે તેવા કોઈપણ લાભો માટે તે હકદાર છે કે નહીં.
વધતાં જતાં ખર્ચાઓની સાથે બિલની જેમ આપને પણ કદાચ કોઈ ઉપલબ્ધ આર્થિક ટેકા અંગે થોડી માહિતીની જરૂર હોઈ શકે છે. કલ્યાણ અધિકાર સેવા એ 60 વર્ષથી વધુ ઉંમરનાં તમામ લોકોને વેલ ઑફ ગ્લેમર્ગન અને કાર્ડિફ વિસ્તારમાં ઉપલબ્ધ છે. કલ્યાણ અધિકાર સલાહકાર પેન્શન ક્રેડિટ, કાઉન્સિલ કરમાં લાભ અને હાજરી ભથ્થું જેવા લાભો પર સલાહ પૂરી પાડશે અને આપના ઘરે આપને મળીને સંબંધિત ફૉર્મ ભરવામાં પણ મદદ કરશે. દર વર્ષે લાખો પાઉંડનાં લાભો માટે કોઈ દાવો થતો નથી ... આપ જો આપના જીવનની ગુણવત્તા સુધારવા માટે લાયક ઠરતા હો તો શા માટે આવો લાભ ગુમાવવો.

## હૉસ્પિટલ ડિસ્ચાર્જ સેવા

લિન હૉસ્પિટલમાં જઈ રહ્યા છે અને એક વખત રજા મળ્યા બાદ કોઈ તેમને મદદ કરવા માટે હાજર હશે કે કેમ તે જાણવા માંગે છે... હૉસ્પિટલ ડિસ્ચાર્જ સેવા કાર્ડિફ અથવા વેલ ઑફ ગ્લેમર્ગનમાં રહેતી 60 વર્ષથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિને હૉસ્પિટલમાંથી પરત આવતી વખતે ટૂંકા ગાળાની મોકળી સેવા પૂરી પાડે છે. બજારમાં આપની ખરીદી, હળવું ભોજન બનાવવામાં, પ્રિસ્ક્રીપ્શન ભેગા કરવામાં તેમજ હૉસ્પિટલમાંથી આપને અપાયેલી રજા બાદનાં અઠવાડિયાઓમાં અન્ય રોજિંદા કામોમાં સેટલમેન્ટ એઇડ આપને મદદ કરી શકે છે. આપને ફરીથી સ્વતંત્ર બનાવવા માટે તેઓ આપને જેટલો સમય સહાય કરે તે દરમિયાન તેઓ સરેરાશ ત્રણ કે ચાર મુલાકાતો લે છે. આ સેવા મફત છે પરંતુ દાન હંમેશાં આવકાર્ય છે. હૉસ્પિટલ ડિસ્ચાર્જ સેવા વેલ્સનાં કૅયર સ્ટાન્ડર્ડ ઈન્સ્પેક્ટોરેટ સાથે રહેઠાણ સંબંધિત કૅયર એજન્સી તરીકે નોંધાયેલી છે જેનો અર્થ એ છે કે અમે વ્યક્તિગત કાળજી સાથે સહાય કરી શકીએ છીએ.

## એજ કન્સર્ન ચેરિટી શૉપ્સ

જીનને એજ કન્સર્ન ચેરિટી શૉપની મુલાકાત લેવામાં ખરેખર આનંદ આવે છે...

એજ કન્સર્ન ચેરિટી શૉપ્સ સ્થાનિક સમુદાયમાં ચીજો ખરીદવા અને દાન આપવા માટેનું આદર્શ સ્થળ છે – અલ્લાઉદ્દીનની એક એવી ગુફા જેમાં અંદર જવા માટે અને શું મળે છે તેની તપાસ કરવા માટે જેની પાસે સમય છે તેવી કોઈપણ વ્યક્તિને ચીજોની વૈવિધ્યસભર શ્રેણી પૂરી પાડે છે. વૃદ્ધો માટે દુકાનોની મુલાકાત લેવી એ ગુના નિવારણ અને સ્વાસ્થ્ય તથા સુખાકારી જેવા વૃદ્ધ લોકોનાં મુદ્દાઓને પ્રોત્સાહન આપવા માટે યોજાતા નિયમિત પ્રસંગો સાથે સ્થાનિક સમુદાયમાં શું ચાલી રહ્યું છે તે વિશે વધુ જાણવાનો સારો રસ્તો છે. વધુમાં એજ કન્સર્ન દ્વારા સમુદાયની અંદર પૂરી પાડવામાં આવતી હોય તેવી અન્ય સેવાઓ વિશે જો લોકોને કોઈ ચોક્કસ

પ્રશ્ન હોય તો તેમને સાચા વિભાગ તરફ વાળવા માટે હંમેશાં એક મૈત્રીપૂર્ણ ચહેરો હાજર હોય છે. યાદ રાખવા જેવી સૌથી અગત્યની બાબત એ છે કે કાર્ડિફમાં કેરફિલી રોડ અને વ્હાઇટચર્ચ રોડ ખાતે આવેલી એજ કન્સર્ન શૉપ્સ દ્વારા ઊભા કરવામાં આવેલા તમામ નાણાં સીધા ચેરિટી દ્વારા ચલાવવામાં આવતા અન્ય પ્રોજેક્ટમાં જાય છે.

## ગૂડ નેબર્સ સ્કીમ (સારા પડોશી મેળવવાની યોજના)

મેરિયન એકલવાયાપણું અનુભવવાની શરૂઆત કરી રહી છે અને તે પહેલાંની જેમ બહાર નીકળવા અને પોતાના મિત્રોને મળવા માટે સક્ષમ નથી. તેની સાંભળવાની શક્તિ ક્ષીણ થઈ હોવાથી ફોન પર વાતો કરવી એ યોગ્ય વિકલ્પ નથી...
ઘરમાં ઘણી બધી પછડાટો ખાધા બાદ મેરિયને એઇડ કૉલ (મદદ માટેનો કૉલ) વિશે માહિતી માંગવા માટે પોતાના વિસ્તારની ગૂડ નેબર સ્કીમનો સંપર્ક કર્યો. સ્થાનિક સમન્વયક ઘરે મુલાકાત ગોઠવે છે અને મેરિયન સાથે તેની જરૂરિયાતો અંગે સામાન્ય વાતચીત કરે છે. મેરિયન વાહનવ્યવહાર અને નાના વ્યવહારૂ કામો વિશે પૂછે છે અને એમ સમજાવવામાં આવે છે કે આ પ્રકારની સહાય તેના વિસ્તારમાં ઉપલબ્ધ સ્વયંસેવી સ્ત્રોત આધાર પર સંપૂર્ણપણે આધારિત છે. સાથે મળીને તેઓ જાણે છે કે મેરિયન સારા એવા પ્રમાણમાં એકલતા અનુભવતી હતી અને એકલવાયી હતી તથા સમન્વયકે સૂચન કર્યું કે તેની સાથે મિત્રતા કેળવવા માટે એક સ્વયંસેવક નિયમિતપણે તેની મુલાકાત લઈ શકે છે અને તે પોતાના સમુદાયમાં આગામી ફ્રેન્ડશીપ ક્લબમાં પણ હાજરી આપી શકે છે. સમય પસાર થવાની સાથે મેરિયન હવે ખરેખર પોતાને ગૂડ નેબર સ્કીમ દ્વારા મળેલાં વિશ્વાસુ અને લાંબા ગાળાનાં સહાયની કદર કરે છે અને તેની કિંમત સમજે છે.

અમે આશા રાખીએ છીએ કે આ માહિતી એજ કન્સર્ન દ્વારા પૂરી પાડવામાં આવતી ઘણી વિવિધ સેવાઓ અને તકોમાં ડોકિયું કરાવવામાં આપને મદદરૂપ બની હશે. અમે સમુદાયનાં પ્રત્યેક ભાગને સેવા પૂરી પાડી શકીએ અને તેમના સુધી પહોંચી શકીએ તે સુનિશ્ચિત કરવું એ અમારો ધ્યેય છે તેથી આપને લાગતું હોય કે આપને અમારી સહાયને કારણે ફાયદો થશે અથવા એજ કન્સર્ન માટે સ્વયંસેવક તરીકે આપે જોડાવું હોય તો કૃપા કરીને અમારો સંપર્ક સાધો. અમારા સંપર્ક માટેની તમામ વિગતો આ રજૂઆતની સાથે આપવામાં આવેલા સાહિત્યમાં આપવામાં આવેલી છે.